મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૧-૦૨-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૨૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે

પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## મહાનગરપાલિકા નવા ભળેલા ગ્રામ્ય વીસ્તારોમાં પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવા વિશેષ આયોજન

# મહેસાણા મહાનગરપાલિકાનું ઐતિહાસિક પ્રથમ બજેટમાં રૂપિયા ૯૩૮.૦૬ કરોડની જોગવાઈ : સર્વાંગી વિકાસને નવી દિશા મળશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા મહાનગરપાલિકાએ તેનું ઐતિહાસિક પ્રથમ બજેટ રજૂ કર્યું છે. મ્યુનિસિપલ કમિશનરે રજૂ કરેલા આ બજેટમાં રૂ. ૯૩૮.૦૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નાગરિકોને રાહત આપતા નિર્ણય તરીકે આ બજેટમાં કોઈપણ પ્રકારના વેરામાં વધારો કરવામાં આવ્યો નથી.

શહેરના વિકાસ માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં બે નવી ઝોનલ ઓફિસ બનાવવાનો સમાવેશ થાય છે. શહેરની સુંદરતા અને માળખાકીય

**નાગરિકોને રાહત આપતા નિર્ણય તરીકે આ બજેટમાં કોઈપણ પ્રકારના વેરામાં વધારો કરવામાં આવ્યો નથી.**

સુવિધાઓ વધારવા માટે ચાર આઈકોનિક રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા બન્યા બાદનું આ પ્રથમ બજેટ છે, જેમાં ખાસ કરીને નવા ભળેલા વિસ્તારોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા



માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ બજેટથી શહેરના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે અને નાગરિકોને બેહતર સુવિધાઓ પ્રાપ્ત થશે.

રવિન્દ્ર ખટાલે કમિશનર મહેસાણા મહાનગરપાલિકા એ જણાવ્યું કે, મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશનનું ઐતિહાસિક બજેટ રજૂ કરવામાં આવ્યું છે.નવા ગામો સમાવેશ કરવામાં આવ્યો છે, ત્યાં ગટર લાઈન સ્ટ્રીટ લાઈટ વોટર સપ્લાયની સ્કીમો અમલમાં મુકાય.તેમજ સ્વચ્છતા માટે એસટીપી પ્રોસેસિંગ પ્લાન્ટ છે આ સમગ્ર એન્ગલથી બજેટ બનાવવામાં આવ્યું છે.

૩૮૫ ટકાનો વધારો આ બજેટમાં કરવામાં આવ્યો છે.દરેક વિસ્તારમાં સર્વાંગી વિકાસ થાય એને ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.નવા ગામો મનપામા સમાવેશ કરવામાં આવ્યો છે એનો સર્વે થઈ ગયો છે એમ વોટર સપ્લાય,ગટર લાઈનનું ડી પી આર ટૂંક સમયમાં તૈયાર થઈ જશે.એનું આયોજન આ બજેટમાં રાખવામાં આવ્યું છે.

સહેર ની આગવી ઓળખ માટે આપણા જે ધરોહર છે, જેમાં ૭૨ કોઠાની વાવ છે, રાજ મહેલ છે,સાથે નવા વિસ્તાર ડેવલોપ થઈ રહ્યા છે ત્યાં પણ ચાર માર્ગો પર આઈકોનિક રોડ બનાવવામાં આવશે.સાથે બ્યુટીફીકેશન કરવામાં આવશે.ખારી નદીના વિકાસ માટે બે વસ્તુ હાલ ધ્યાન પર લેવામાં આવી છે.જેમાં ખારી નદીના આસપાસ રીગરોડ બનાવવાનું વિચારી રહ્યા છીએ ટ્રાફિકના પ્રશ્ન સોલ્વ થાય બીજું લાંબા ગાળામાં રિવરફ્રન્ટ બનાવવા નું પણ આયોજન છે.તેમજ નદીના શુદ્ધિકરણ નું પણ આયોજન કરવામાં આવશે.

### પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે કડી કુંડાળ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા

## કડીના આદુંદરા નર્મદા કેનાલમાંથી યુવક અને યુવતીએ એકબીજાના હાથ દુપટ્ટાથી બાંધેલી હાલતમાં લાશ મળી

(ગરવી તાકાત) કડી તા.૨૦

કડી તાલુકાના આદુન્દ્રા ગામની સીમમાંથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલમાંથી એક યુવક અને યુવતીની લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

સ્થાનિકોએ ગુરુવારે કેનાલમાં તરતી લાશો જોઈને, તુરંત કડી પોલીસને જાણ કરી હતી. પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થાનિક તરવૈયાઓની મદદથી બંને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, યુવક અને યુવતીએ એકબીજાના હાથ દુપટ્ટાથી બાંધીને કેનાલમાં કૂદીને આત્મહત્યા કરી હતી. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમૉર્ટમ માટે કડી કુંડાળ સિવિલ હોસ્પિટલમાં



ખસેડ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કડી તાલુકાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ૫૦ કિલોમીટરથી વધુ લંબાઈમાં મુખ્ય નર્મદા કેનાલ અને માઈનોર કેનાલ પસાર થાય છે. કરણનગર વાય જંકશન પાસેથી નર્મદા કેનાલના બે વિભાગ થાય છે - એક ઉત્તર ગુજરાત તરફ અને બીજો સૌરાષ્ટ્ર તરફ. આ કેનાલમાંથી વારંવાર લાશો મળવાની ઘટનાઓ બનતી રહે છે.

પોલીસે હાલ બંને મૃતકોની ઓળખ માટે તપાસ શરૂ કરી છે અને તેમના પરિવારજનોની શોધખોળ ચાલુ છે.

### વિદ્યાસહાયકોની ભરતી માટે કામ ચલાઉ મેરીટ યાદી જાહેર કરતી સરકાર

## કુલ ૧૩,૮૨૫ જગ્યાઓ ભરવા પ્રક્રિયા હાથ ધરાઈ હતી : ૪ હજાર જેટલા ઉમેદવારોની ભરતી થશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

વિદ્યાસહાયકની ભરતીને લઈને મહત્ત્વની અપડેટ સામે આવી છે. રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧થી ૫ની ૫૦૦૦ જગ્યાઓ, ધોરણ ૬થી ૮ની ૭૦૦૦ જગ્યાઓ અને અન્ય માધ્યમની ૧૮૫૨ જગ્યાઓ એમ કુલ ૧૩૮૫૨ જગ્યાઓ ભરવા વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેની કામચલાઉ મેરિટ યાદી આજે બપોરે ૩:૩૦ વાગે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ કામ ચલાઉ યાદી https://vsb.dpegujarat.in પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

રાજ્ય કેબિનેટમાં આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક મંત્રી ડો.



કુબેર ડિંડોરે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે રાજ્યમાં વિદ્યાસહાયક ભરતીની કામચલાઉ મેરિટ યાદી ૨૦ ફેબ્રુઆરીના રોજ બપોરે ૩.૩૦ કલાકે https://vsb.dpegujarat.in પર પ્રસિદ્ધ કરવામાં આવશે તો ઉમેદવારો નોંધ લઈ વેબસાઈટની મુલાકાત લે અને કામચલાઉ યાદી જોઈ શકે છે. ૪,૦૦૦ ઉચ્ચર માધ્યમિક શિક્ષકોની ભરતી કરાશે

ઉચ્ચર માધ્યમિક એટલે કે ધોરણ ૧૧ અને ધોરણ ૧૨માં સરકારી શાળામાં ૭૫૦ અને ગ્રાન્ટ-ઈન-એડ શાળામાં ૩,૨૫૦ એમ મળીને TAT-Higher Secondaryના કુલ ૪,૦૦૦ જેટલા ઉમેદવારોની ભરતી કરાશે.

ગુજરાતમાં ટેટ અને ટાટની પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારની ભરતી કરવાની જગ્યાએ સરકારે જ્ઞાન સહાયકોની ભરતી કરવાનો નિર્ણય કરતાં રાજ્યમાં ૩.૮૩ ઉમેદવારો બેકાર બેઠા છે. રાજ્યમાં શિક્ષકોની ભરતી કરવાની માગણી સાથે તેઓ એકાંતરે આંદોલન કરી રહ્યા હોવા છતાં સરકાર તેમની માગણીઓને સ્વિકારી રહી ન હતી.

આ ઉમેદવારોની ભરતી નહીં થતાં તેમની વયમર્યાદાનો પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોની જગ્યાએ શિક્ષણ વિભાગે માધ્યમિક વિભાગમાં ૫૯૮૫ જગ્યાઓ ભરવા માટે ૪૧૩૮ ઉમેદવારોને જ્ઞાન સહાયકની નિમણૂક આપી છે.

જ્ઞાન સહાયકમાં માસિક વેતનના પ્રશ્નના જવાબમાં મંત્રીએ કહ્યું હતું કે માધ્યમિકમાં જ્ઞાન સહાયકને પ્રતિ માસ મહિને ૨૪૦૦૦ રૂપિયાનું મહેનતાણું આપવામાં આવે છે. શિક્ષણ વિભાગે આ નિમણૂકો નવેમ્બર ૨૦૨૩માં આપી હતી અને તેમને વેતન ચૂકવી દેવામાં આવ્યું છે. માસિક વેતન સમયસર મળતું નહીં હોવાનો આક્ષેપ સરકારે ફગાવી દીધો હતો.

### રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી ફૂટ ઓવર બ્રિજ બનાવવા માંગણી

## મહેસાણામાં ગાયત્રી મંદીર અને શિલ્પા ગેરેજ પાસે ફૂટ ઓવરબ્રિજ બનાવવા સાંસદ મયંક નાયકની રજુઆત



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા શહેરમાં સ્ટેટ હાઈવે પર ગાયત્રી મંદિર તથા શિલ્પા ગેરેજ નજીક ટ્રાફિકનું પ્રમાણ ખુબજ વધારે છે. અહી રોડ ક્રોસ કરવાનું ખુબજ મુશ્કેલ બને છે, ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને મહિલાઓ તેમજ આજુબાજુના રહેવાસી માટે સુરક્ષિત પસાર થવા માટે અહી ફુટ ઓવર બ્રિજની તાત્કાલિક જરૂરીયાત ઉભી થવા પામી છે.

આ વિસ્તા ખુબજ વ્યસ્ત અને ગતિશીલ છે, જેના કારણે અવારનવાર અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે. જો અહીં ફુટ ઓવર બ્રિજ બનાવવામાં આવે તો હજારો નાગરીકોને આ સગવડનો લાભ મળશે અને તેમના જીવનને વધુ સરક્ષિત બનાવી શકાશે.

ગાયત્રી મંદીરની સામે ભગવાન સ્વામિનારાયણનું મંદિર આવેલ છે. જેમાં દર્શન કરવા માટે ભક્તોને રોડ ક્રોસ કરીને જવુ પડે છે. જે બહુ મુશ્કેલી ભર્યો અને જોખમ ભરેલો છે.

જેથી સત્વરે આ વિસ્તારમાં ફૂટ ઓવર બ્રિજ બનાવવો ખુબજ જરૂરી છે.

મહેસાણા રાજયભાસના સાંસદ મયંકભાઈ નાયકે આ મામલે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી ફુટ ઓવર બ્રિજ બનાવવા રજૂઆત કરી છે.

### સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ

## વિસનગરની ૭ સોસાયટીમાં વિકાસ કાર્યો માટે રૂપિયા ૧.૫૨ કરોડની મંજુરી આપી



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિસનગર શહેરની ૭ સોસાયટીમાં વિકાસ કાર્યો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ.૧.૫૨ કરોડની મંજૂરી આપી છે. આ યોજના અંતર્ગત સોસાયટીઓમાં જનભાગીદારીથી વિવિધ માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવશે.મંજૂર થયેલા પ્રોજેક્ટ્સમાં રસ્તા, સ્ટ્રીટ લાઈટ, પાણીની પાઈપલાઈન, કોમન પ્લોટમાં પેવરિંગ અને રેઈન વોટર હાર્વેસ્ટીંગનો સમાવેશ થાય છે. સોના ટાઉનશિપના ચાર વિભાગોમાં સી.સી. રોડ અને પેવર બ્લોકની કામગીરી હાથ ધરાશે. શાસ્ત્રીનગર સોસાયટીમાં આર.સી.સી રોડ સુધી સી.સી. રોડ બનશે.તિરુપતિ પંચશીલ રેસીડેન્સી, કલ્યાણ બંગ્લોઝ, ગાયત્રીનગર સોસાયટી, પૂજા બંગલોઝ અને રાધે બંગ્લોઝમાં પણ વિવિધ માળખાકીય કામો હાથ ધરાશે. કુલ પ્રોજેક્ટ ખર્ચના ૭૦ ટકા (રૂ.૧.૦૬ કરોડ) રાજ્ય સરકાર આપશે.

૨૦ ટકા રકમ સોસાયટીઓનો લોકફાળો રહેશે અને ૧૦ ટકા રકમ નગરપાલિકા ભંડોળમાંથી ખર્ચવામાં આવશે.

### પોલીસે ૧,૮૨૪ બોટલ વિદેશી દારૂ અને બીયર મળી કુલ ૧૭.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

## મહેસાણા એલસીબીને બિનવારસી કારમાંથી રૂા.૨.૫૬ લાખની કિંમતનો વિદેશી શરાબનો મોટો જથ્થો મળ્યો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા એલસીબીએ કડી તાલુકાના સરસાવ ગામની સીમમાં મોટી કાર્યવાહી કરી છે. પોલીસને એક બિનવારસી ફોર્ચ્યુનર ગાડી મળી આવી હતી. આ ગાડીમાંથી ૨.૫૬ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળ્યો છે.એલસીબી પીએસઆઇ એમડી ડાભી અને તેમની ટીમ કડી તાલુકામાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન સ્ટાફના જોરાજી અને પ્રદીપકુમારને માહિતી મળી કે સરસાવ ગામમાં સંજયકુમાર પટેલના બોર નજીક એક નેળીયામાં દારૂ ભરેલી ફોર્ચ્યુનર ગાડી પડી છે.

પોલીસે તાત્કાલિક રેડ કરી તો ગાડીનો દરવાજો ખુલ્લો હતો અને ચાવી પણ ગાડીમાં જ હતી. તપાસ કરતાં ૧,૮૨૪ બોટલ વિદેશી દારૂ અને બીયર મળી આવ્યા. કુલ ૧૭.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં ગાડીની કિંમત પણ સામેલ છે.

ગાડીનો ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. એલસીબીએ નંદાસણ પોલીસ મથકમાં ગુનો દાખલ કરી ડ્રાઈવરની શોધખોળ શરૂ કરી છે.

ગુજરાત સરકાર

# વિઝન વિકસિત ગુજરાતનું મિશન જનકલ્યાણનું

વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું



## ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ

## ₹3 લાખ 70 હજાર 250 કરોડ

રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે **₹3.70 લાખ કરોડના આ બજેટમાં** કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ 22.9% નો વધારો

આગામી પાંચ વર્ષમાં ગુજરાતને વિકાસની નવી ગતિ પ્રદાન કરવા **₹50 હજાર કરોડની જોગવાઇ ધરાવતા 'વિકસિત ગુજરાત ફંડ'ની સ્થાપના**

**સુરતની જેમ રાજ્યમાં અન્ય પાંચ રિજીયોનલ ગ્રોથ હબ બનાવાશે**

જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૌરાષ્ટ્ર કોસ્ટલ અને કચ્છનો સમાવેશ થાય છે

**વિકસિત ગુજરાતને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને 12 હાઈ સ્પીડ કોરિડોર વિકસાવાશે**

નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔધોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ  એર કનેક્ટિવિટી મળશે.

**ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટેના મહત્વપૂર્ણ નિર્ણયો**

માનનીય વડાપ્રધાનશ્રીની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવા અને પર્યાવરણની જાળવણી માટે ઇલેક્ટ્રીક વાહનો પર હાલમાં 6% સુધી અંદાજિત વાહન વેરો અમલમાં છે, તેમાં સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર 1 વર્ષ માટે 5% સુધી રીબેટ આપી અસરકારક 1% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના મંત્રને લક્ષ્યમાં રાખી સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં રાહત અને સરળીકરણનો નિર્ણય

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા **અંબાજી કોરિડોર અને ધરોઈ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ**નો વિકાસ કરાશે.
- 2025ના સમગ્ર વર્ષને **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવવામાં આવશે. શહેરી વિકાસના બજેટમાં 40%નો વધારો કરીને ₹30 હજાર કરોડથી વધુની ફાળવણી
- ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા રાજ્ય સરકારે **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ),** ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓની સહાયમાં **₹50 હજારનો વધારો કરીને ₹1.70 લાખ કરવામાં આવી.**
- અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં **વનબંધુઓના વિકાસ માટે ₹30 હજાર કરોડની** ફાળવણી.
- **મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારમાં વધારો કરવા માટે ₹1622 કરોડના ખર્ચે** માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ માટે સુવિધા ઊભી કરાશે.
- કૃષિ યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે **₹1500 કરોડથી વધુની સહાય**
- યુવાશક્તિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેક્નિકલ સંસ્થાઓમાં **AI લેબ** અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા **ચાર રિજિયનમાં i-Hubની** સ્થાપના કરાશે.
- નારીશક્તિના **સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે** નવી મહત્વપૂર્ણ યોજના **'સખી સાહસ યોજના'** નો આરંભ કરાશે.  સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.
- ઉજ્જવળ આવતીકાલ સમા **બાળકોના પોષણ માટે ગત વર્ષના બજેટ કરતાં 25 ટકાનો વધારો** કરીને ₹8200 કરોડની ફાળવણી.
- જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતા વીમા સુરક્ષા કવચ ₹50 હજારથી ₹2 લાખ હતું, જેમાં વધારો કરીને **₹2 લાખથી ₹4 લાખ કરવામાં આવી**
- વહીવટી સુધારણા ક્ષેત્રે ગુજરાતનું ઐતિહાસિક કદમ, રાજ્ય સરકાર કરશે **ગુજરાત વહીવટી સુધારણા પંચની** રચના.

"આ બજેટમાં GYAN એટલે કે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જેથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વિકસિત ભારત@ 2047'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પોતાનું મહત્વનું યોગદાન આપી શકે."

**શ્રી કનુભાઈ દેસાઇ, માનનીય નાણામંત્રી, ગુજરાત**



ઉદ્યોગ સાહસિકતા સન્માન કાર્યક્રમ



તારીખ: ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ | સમય: બપોરે ૦૩:૦૦ વાગે | સ્થળ: મહાત્મા મંદિર, ગાંધીનગર

ગરિમામયી ઉપસ્થિતિ

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

અતિથિ વિશેષ

શ્રી બળવંતસિંહ રાજપુત

માનનીય મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ, ગુજરાત

શ્રી હર્ષ સંઘવી

માનનીય મંત્રી (રા.ક.) ગૃહ અને ઉદ્યોગ, ગુજરાત

શ્રી જગદીશ વિશ્વકર્મા

માનનીય મંત્રી (રા.ક.), સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રોટોકોલ (તમામ સ્વતંત્ર હવાલો), લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન વિભાગ (રા.ક.), ગુજરાત











કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat


# શબ્દો અને શસ્ત્રો વચ્ચેનો તફાવત એ છે કે શસ્ત્રો શરીરને ઈજા પહોંચાડે છે અને શબ્દો આત્માને ઈજા પહોંચાડે છે.

આજે માતૃભાષા દિવસ પ્રસંગે સૌને શુભકામનાઓ સાથે મહા શિવરાત્રીની તૈયારીઓ પુરજોશ માં ચાલી રહી છે ધોરણ ૧૦-૧૨ ના વિદ્યાર્થી ભાઈ બહેનોની પરીક્ષા તે દિવસ પછી શરૂ થશે આપણે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો લોકો માને છે કે,ભક્તિ માર્ગ સહેલો છે પરંતુ ભક્તિમાર્ગ અતિ કઠણ છે. મર્યાદાનું, ધર્મનું પાલન કર્યા વગર, ચિત્તશુદ્ધિ થયા વિના ચિત્તમાં ભક્તિનો ઉદય થતો નથી

ભક્તિ પતિ સાથે લગ્ન થયા પછી એક કન્યા અને સાત છોકરાઓ થયાં. પહેલી કન્યા થઈ તે ભક્તિ. કથા શ્રવણમાં રુચિ, સત્સંગમાં રુચિ. આ કન્યા પ્રમાણે ભક્તિનો જન્મ થયો. તે પછી સાત પુત્રો થયા. સાત પુત્રો તે ભક્તિનાં સાત પ્રકાર છેઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય. એમ સાત પ્રકારની ભક્તિ સિદ્ધ થઈ. ભગવાનનાં નામ, રૂપ, ગુણ, પ્રભાવ, લીલાનું કાનથી શ્રવણ, મુખથી કીર્તન અને મનથી સ્મરણ કરતાં અનુક્રમે શ્રવણ, કીર્તન અને સ્મરણ ભક્તિ સિદ્ધ થયાં. ભગવાનની સેવા કરવાથી અર્ચન ભક્તિ સિદ્ધ થઈ. ભગવાનની મૂર્તિને વંદન કરવાથી ભક્તિ સિદ્ધ થઈ. સાત સાત પ્રકારની ભક્તિ મનુષ્ય પ્રયત્ન કરવાથી પ્રાપ્ત કરી શકે છે, પરંતુ આઠમી સખ્ય અને નવમી આત્મનિવેદન ભક્તિ પ્રભુ જેના ઉપર કૃપા કરે છે તેને જ મળે છે. શ્રવણાદિ સાત પ્રકારની ભક્તિ સિદ્ધ કર્યા પછી પોતાનું મરણ થતાં દુઃખી થયેલી તે કન્યાને પરમાત્માએ સદ્ગુરુ રૂપે આવી બોધ કર્યો. ભક્તિના સાતે પ્રકારો સિદ્ધ થાય તે પછી પરમાત્મા સખ્યનું, આત્મનિવેદનનું દાન કરે છે. એટલે જે મિત્રને, અવિજ્ઞાતને આ જીવ માયાથી - ભૂલી ગયો હતો તે સદ્ગુરુ તરીકે આવ્યા એટલે અવિજ્ઞાનરૂપ પરમાત્મા ત્યાં આવ્યા




યશપાલસિંહ ટી.વાઘેલા

દરબાર ગઢ થરા




અને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો કે, તું મને છોડી ગયો, મારાથી વિખૂટો પડયો અને નવ દ્વારવાળી નગરીમાં રહેવા ગયો ત્યારથી દુઃખી થયો છે. તું તારા સ્વરૂપને ઓળખતું કોણ છે તે તું જ તે છે, તે જ તું છે. તું મારો મિત્ર છે, મારો અંશ છે. મારું સ્વરૂપ છે. તું સ્ત્રી નથી, પુરુષ નથી, તું મારી સામું જો તો ખરો! પુરંજન પ્રભુ સન્મુખ થયો. જીવ-બ્રહ્મનું મિલન થયું. જીવ કૃતાર્થ થયો. રાજા તું જ પુરંજન છે. તું અનેક વખત સ્ત્રી થયો, અનેક વખત પુરુષ થયો, તો પણ તને તૃપ્તિ થતી નથી.હજુ જગત માં કેટલું ભટકવું છે? પરમાત્માનો આશ્રય લઈ પ્રભુનું ચિંતન કરતાં પ્રભુના સ્વરૂપમાં લીન થઈશ તો તું કૃતાર્થ થઈશ. 'મહારાજની ભક્તમાળમાં અમર દાસજીની કથા આવે છે.એક વખત અમર દાસજીએ માતાજીને પૂછ્યું, મા,તારાં લગ્ન વખતે હું કયાં હતો?માએ કહ્યું, બેટા, મારા લગ્ન પછી તારો જન્મ થયો છે. અમરદાસજીએ કહ્યું, મા, તું ખોટું કહે છે. તે વખતે હું ક્યાંક હતો જ. મારું અસલી ઘર ક્યાં છે?આ બુદ્ધિ જાણતી નથી કે,મારું અસલી ઘર ક્યાં છે. તેથી જગત માં ભટકે છે.

નારદજીએ પ્રાચીન બર્હિરાજાને પુરંજન આખ્યાન કહી સંભળાવ્યું વિષયમાં જીવ એટલો ફસાયા છે કે હું કોણ છું તેનો તે વિચાર કરતો નથી,તો તે પરમાત્મા ને તો ક્યાંથી જાણી શકે? જે પોતાની જાતને જાણતો નથી તે પરમાત્માને કેમ કરી જાણવાનો? કથા કહી પ્રાચીન બર્હિરાજાને આનંદ થયો છે. ભગવાનનું ચિંતન કરતાં તે ભગવાનમાં લીન થયા. મનુષ્યને પોતાના દોષનું ભાન કરાવે છે અને ભાન કરાવી તે દોષો છોડાવે છે.

પૂર્વજન્મનું પ્રારબ્ધ ભોગવીને પૂરું કરવાનું છે પણ નવું પ્રારબ્ધ ઊભું કરશો નહીં. આત્મા પરમાત્માનો અંશ છે. જીવાત્મા શરીરથી જુદો છે, એ બ્રાહ્મણ નથી, વૈશ્ય નથી, સ્ત્રી નથી કે પુરુષ નથી. આત્મસ્વરૂપનું ભાન અને દેહનું વિસ્મરણ થાય તો મનુષ્યને જીવતાં જ મુક્તિ મળે છે. મનુષ્ય જગત નથી એવો અનુભવ થાય છે, પણ હું નથી એવો અનુભવ થતો નથી. અહમનું વિસ્મરણ કદી થતું નથી.

પ્રચેતાઓએ દસ હજાર વર્ષ નારાયણ સરોવરના કિનારે જપ કરેલા. ત્યારે તેઓની સમક્ષ નારાયણ ભગવાન પ્રગટ થયેલા. રામદાસ સ્વામીએ દાસબોધમાં અનુભવ ઉપરથી લખેલું કે, તેર કરોડ જપ કરવાથી ઈશ્વરના સાક્ષાત્ દર્શન થાય છે. જપથી પૂર્વજન્મનાં પાપ બળે છે. ફળ તરત જોવામાં ન આવે તો માનવું કે પૂર્વજન્મનાં પાપ હજુ બાકી છે, તેનો નાશ થઈ રહ્યો છે. તે વિશે વિદ્યારણ્ય સ્વામીનું દૃષ્ટાંત સમજવા જેવું છે.

વિદ્યારણ્ય સ્વામીની સ્થિતિ ગરીબ હતી.અર્થ પ્રાપ્તિ માટે તેમણે ગાયત્રી મંત્રનાં ચોવીસ પુરશ્ચરણ કર્યા, પરંતુ અર્થપ્રાપ્તિ ન થઈ, તેથી કંટાળી તેમણે સંન્યાસ લીધો. તે વખતે તેમને ગાયત્રી માતાનાં દર્શન થયાં. ગાયત્રી માતાએ કહ્યું, માગ, માગ, તારા ઉપર પ્રસન્ન છું. વિદ્યારણ્ય સ્વામી ગાયત્રી માતાને કહે છે, માતાજી, જ્યારે જરૂર હતી ત્યારે તમે મારા પર કેમ પ્રસન્ન ન થયાં?

ગાયત્રી માતા કહે છે,તું જપાછળ જો!વિદ્યારણ્ય સ્વામીએ પાછળું જોયું તો તેમણે ચોવીસ પહાડોને બળતા જોયા. માતાજીએ કહ્યું, તારાં અનેક જન્મોનાં પાપો તપશ્ચર્યાથી બળી રહ્યાં છે. ચોવીસ પર્વતો જેટલાં તારાં પાપોનો ક્ષય થયો એટલે હું તરત આવી જ્યાં સુધી પાપનો ક્ષય ન થાય અને જીવ શુદ્ધ ન થાય,ત્યાં સુધી મારાં - દર્શન થતાં નથી.

વિદ્યારણ્ય કહે, માતાજી, હું શુદ્ધ થયો છું.મારે હવે કાંઈ માગવું નથી

તે પછી તેમણે પંચદશી નામના વેદાંતનો ઉત્તમ ગ્રંથ લખ્યો.

પ્રચેતાઓને ભગવાન નારાયણનાં દર્શન થયાં. નારાયણે આજ્ઞા કરી કે, તમે લગ્ન કરો. આ જીવાત્મા અનેક જન્મોથી કામવાસના ભોગવતો આવ્યો છે. તે કામસુખ ની સૂક્ષ્મ વાસના - લગ્નથી દૂર થાય છે.

ગૃહસ્થાશ્રમનું વાતાવરણ એવું છે કે, વિષમતા કર્યા વગર ચાલતું નથી.જે એક આસને ન બેસીને રોજ ત્રણ કલાક ભાગવત સ્મરણ કરે તેને ભગવાન પાપ કરતાં અટકાવે છે. ભગવાન તમારી પાસે સંપત્તિ માગતા નથી, પણ સમય માગે છે. તેમને માટે સમય કાઢવો જોઈએ. પાપ કરતાં મનને ખટકો લાગે,તો સમજવું કે પ્રભુની પૂર્ણ કૃપા થઈ છે. પાપ ન કરો એ જ મહાન પુણ્ય છે. પાપની મા છે મમતા અને બાપ છે લોભ.તેનો ત્યાગ કરજો. પ્રભુ સેવામાં જગત સેવા છે.પ્રભુ સેવા વગર દેશસેવા પણ સફળ થશે નહીં.માટે રઘુનાથની કૃપા મેળવવા હંમેશા પ્રયત્ન કરવો કારણ આકાશમાં જેટલા તારા છે એટલા દુશ્મનો હશે તો પણ રામજીની કૃપાથી મારો વાળ વાંકો નહીં થાય.

પરોપકારથી ઈશ્વરપ્રાપ્તિ થતી નથી.ઘણીવાર પરોપકાર ઈશ્વર પ્રાપ્તિમાં બાધક નીવડે છે ભરત મુનિની જેમ.મનુષ્યના દુઃખનું કારણ તેનો સ્વભાવ છે. સ્વભાવને સુધારવો કઠણ છે. તીર્થસ્થાન થી, વિષ્ણુયોગ કરવાથી સ્વભાવ સુધરતો નથી. પણ પરમાત્માનાં ધ્યાન, જપથી સ્વભાવ સુધરે છે. પાપની આદત ભગવાનના નામના જપથી અને આખરે ભાગવત કૃપા થવાથી છુટે છે. પાછળ આપો, તો બાકીના એકવીસ કલાક હું તમારું ધ્યાન રાખીશ.જે પુરૂષો સમર્પણ બુદ્ધિ થી જમચેતાઓના ચરિત્રમાં ગૃહસ્થોને કરે છે અને જેઓનો સમય મારી કર્થા-વાર્તાઓ કરવામાં પસાર થાય છે. તેઓ ગૃહસ્થાશ્રમમાં રહે તો પણ ઘર તેમને બંધનરૂપ થતું નથી. એનો અર્થ એ કે બાકીનાને ઘર બંધન રૂપ થાય છે. સંતતિ અને સંપત્તિ દરેકને પૂર્વના પ્રારબ્ધ કર્મ અનુસાર મળે છે,તેથી તેમાં મનુષ્યે હર્ષશોક કરવો નહીં. તેની ચિંતા છોડી ભાગવત ભજનમાં લાગી જવું.મન શુદ્ધ થાય ત્યારે જાણજો કે, ઈશ્વરકૃપા થઈ. બાકી મનુષ્ય વૃત્તિ એરણની ચોરી કરી સોયનું દાન કરવાની હોય છે.એવી વૃત્તિ છોડવી જોઈએ અને માટી, પથ્થર અને સોનું સરખાં ગણવાન દૃષ્ટિ કેળવવી જોઈએ.રાંકા બાંકા જેવી અનાસક્તિ કેળવવી જોઈએ.

અને છેલ્લે જોઈએ તો દક્ષિણમાં એક શક્તિશાળી રાજાનું રાજ્ય હતું. રાજાને ત્રણ પુત્રો હતા. એક દિવસ, રાજાએ વિચાર્યું કે તેના પુત્રોને એવું શિક્ષણ આપવું જોઈએ કે જ્યારે સમય આવે ત્યારે તેઓ રાજ્યના કામકાજ સંભાળી શકે. આ વિચાર મનમાં રાખીને,રાજાએ પોતાના બધા પુત્રોને દરબારમાં બોલાવ્યા અને કહ્યું,દીકરાઓ,આપણા રાજ્યમાં એક પણ નાસપતીનું ઝાડ નથી, હું ઈચ્છું છું કે તમે બધા ચાર મહિનાના અંતરાલ પર આ ઝાડ ની શોધમાં જાઓ અને તે કેવું દેખાય છે તે શોધો.

રાજાની પરવાનગી મળ્યા પછી, ત્રણેય પુત્રો એક પછી એક ગયા અને પાછા ફર્યા.જ્યારે બધા પુત્રો પાછા ફર્યા, ત્યારે રાજાએ ફરીથી બધાને દરબારમાં બોલાવ્યા અને તેમને તે વૃક્ષ વિશે જણાવવા કહ્યું

પહેલા દીકરાએ કહ્યું,પિતાજી,તે ઝાડ સાવ વાંકો અને સુકાઈ ગયું હતું.

ના-ના, તે સંપૂર્ણપણે લીલું હતું, પણ કદાચ કંઈક ખૂટતું હતું કારણ કે તેના પર એક પણ ફળ નહોતું. બીજા દીકરાએ પહેલા દીકરાને અટકાવીને કહ્યું.

પછી ત્રીજા દીકરાએ કહ્યું, ભાઈ, એવું લાગે છે કે તમે પણ ખોટું ઝાડ જોયું કારણ કે મેં ખરેખર એક નાસપતીનું ઝાડ જોયું હતું, તે ખૂબ જ સુંદર હતું અને ફળોથી ભરેલું હતું.

અને ત્રણેય દીકરાઓ પોતપોતાની બાબતો અંગે એકબીજામાં દલીલ કરવા લાગ્યા. પછી રાજા પોતાના સિંહાસન પરથી ઉભા થયા અને કહ્યું,દીકરાઓ,તમારે અંદરોઅંદર દલીલ કરવાની કોઈ જરૂર નથી, હકીકતમાં તમે ત્રણેય વૃક્ષનું સાચું વર્ણન કરી રહ્યા છો.મેં તમને જાણી જોઈને અલગ અલગ ઋતુઓમાં વૃક્ષો શોધવા મોકલ્યા હતા અને તમે જે જોયું તે તે ઋતુ અનુસાર હતું.

આ અનુભવના આધારે,હું ઈચ્છું છું કે તમે ત્રણ વાતો યાદ રાખો...

સૌ પ્રથમ, જો તમારે કોઈ વસ્તુ વિશે સાચી અને સંપૂર્ણ માહિતી જોઈતી હોય તો તમારે લાંબા સમય સુધી તેનું અવલોકન અને અભ્યાસ કરવો જોઈએ.પછી ભલે તે કોઈ વ્યવસાય હોય, વિષય હોય,વસ્તુ હોયકે પછીકોઈ વ્યક્તિ હોય.બીજું,દરેક ઋતુ એક સરખી હોતી નથી. જેમ કોઈ ઝાડ સુકાઈ જાય છે,લીલું રહે છે અથવા ઋતુ પ્રમાણે ફળોથી લદાય છે,તેવી જ રીતે વ્યવસાય અને માનવ જીવનમાં ઉતાર-ચઢાવ આવે છે.તેથી,જો તમે ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છો,તો તમારી હિંમત અને ધીરજને અકબંધ રાખો. સમય ચોક્કસ બદલાય છે.અને ત્રીજી વાત એ છે કે તમારા પોતાના અભિપ્રાયને સાચા તરીકે સ્વીકારો તેના પર વળગી ન રહો,તમારું મન ખોલો, અને બીજા લોકોના મંતવ્યો પણ સાંભળો.

આ દુનિયા જ્ઞાનથી ભરેલી છે,જો તમે ઈચ્છો તો પણ,તમે એકલા બધું જ્ઞાન મેળવી શકતા નથી, તેથી મૂંઝવણના કિસ્સામાં કોઈ જાણકાર વ્યક્તિની સલાહ લેવામાં અચકાશો નહીં.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

## ઊર્જા સુરક્ષા માટે ૨૦30 સુધીમાં રીન્યુએબલ એનર્જીનો લક્ષ્યાંક વધારીને ૧૦૦ ગીગા વોટથી વધુ કરવાનું આયોજન છે

# બનાસકાંઠાને સૌરાષ્ટ્રના દરિયા કાંઠે જોડતા : ડીસાથી પીપાવાવ રસ્તાને નમો શકિત એકસપ્રેસ વે તરીકે વિકસાવવામાં આવશે

(ગરવી તાકાત) ગાંધીનગર,તા.૨૦

ઊર્જા સુરક્ષા માટે ૨૦30 સુધીમાં રીન્યુએબલ એનર્જીનો લક્ષ્યાંક વધારીને ૧૦૦ ગીગા વોટથી વધુ કરવાનું આયોજન છે. હાલમાં ૩૭ ગીગાવોટના રીન્યુએબલ એનર્જી પાર્કનું નિર્માણ કાર્ય કચ્છ ખાતે પ્રગતિ હેઠળ છે. એનર્જી સ્ટોરેજ અને પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજપત્રમાં વિશેષ જોગવાઈ કરવામાં આવેલ છે.



ગુજરાત ભૂકંપ, ચક્રવાત જેવી કુદરતી આપત્તિઓની શક્યતાઓ ધરાવતું રાજ્ય છે. આપત્તિ વ્યવસ્થાપનને ઝડપી બનાવવાના લક્ષ્ય સાથે સાયકલોન પ્રતિરોધક વીજ માળખું, રસ્તાઓ તથા અન્ય માળખાકીય સુવિધાઓ બનાવવાનું આયોજન છે. નાણા મંત્રીએ કહ્યું હતું.

રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓ માટે હાઈસ્પીડ કોરીડોર તેમજ એક્સપ્રેસ વે વિકસાવવા માટે આ બજેટમાં કુલ રૂ.૧૦૨૦ કરોડની જોગવાઈ સૂચવું છું. ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર પ્રોજેક્ટ હેઠળ ૧૩૬૭ કિ.મી.ના ૧૨ નવીન હાઈસ્પીડ કોરીડોર વિકસાવવામાં આવશે.

વધુમાં રાજયમાં બે નવા એક્સપ્રેસ-વે વિકસાવવામાં આવશે. જેમાં બનાસકાંઠાને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા સાથે જોડતા ડીસાથી પીપાવાવ રસ્તાને નમોશક્તિ એક્સપ્રેસ-વે તરીકે વિકસાવવામાં આવશે.

આ ઉપરાંત મહત્વના પ્રવાસન સ્થળોને હવાઈ માર્ગે જોડવાનું આયોજન છે. ભારત સરકારના સહકારથી સુરત, વડોદરા, ભાવનગર અને પોરબંદર એરપોર્ટના વિસ્તરણ તથા દાહોદ ખાતે ગ્રીનફીલ્ડ એરપોર્ટ બનાવવાનું આયોજન છે.

## ધાર્મિક સ્થાનો - પ્રવાસનને ખાસ પ્રાધાન્ય : ફાળવણી ૩૧ ટકા વધારાઈ

# અંબાજીના વિકાસ માટે ૧૮૦ કરોડ : ૧૫૦ રસ્તા સુધારાશે : ૨૦૦ એસી બસ મુકાશે

## દ્વારકા - સોમનાથ - પાલીતાણા જેવા ધાર્મિક શહેરોની કાયાપલટ થશે

ગાંધીનગર તા.૨૦

માનનીય વડાપ્રધાનની દીઘર્દ્રષ્ટિ થકી આજે પ્રવાસન ઝડપથી વિકાસ પામતું ક્ષેત્ર છે. યુનેસ્કોની વિશ્વના સૌથી ૭ સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં ભુજનું સ્મૃતિવન સામેલ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, ઐતિહાસિક નગરી વડનગર જેવા અનેક સ્થળોની કાયાપલટથી ગુજરાત દેશ વિદેશના પ્રવાસીઓ માટે પસંદગીનું સ્થળ બન્યું છે.વર્ષ ૨૦૨૪ દરમ્યાન ૧૮ કરોડ ૬૩ લાખ ઘરેલુ અને આંતર રાષ્ટ્રીય પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યાં છે. પ્રવાસન જેવા રોજગારલક્ષી ક્ષેત્ર વિકસવાથી આપણા યુવાનોને શહેરી અને ગ્રામ્ય ક્ષેત્રોમાં વિશેષ તકો ઊભી થશે. હોટલ વ્યવસાય, પરિવહન અને હસ્તકલા જેવા અનેક ક્ષેત્રોમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થશે. આ ક્ષેત્રના વિકાસ માટે પ્રવાસન પ્રભાગના બજેટમાં ૩૧% ના વધારા સહિત



વિવિધ વિભાગો હેઠળ રૂ.૬૫૦૫ કરોડ સૂચવું છું.

જેમાં ઈન્ટ્રીડગ્રેટેડ ટુરિઝમ ડેસ્ટીનેશન ડેવલપમેન્ટષ હેઠળ મહત્વના પ્રવાસન સ્થળોને સાંકળતા ૧૫૦ જેટલા રસ્તાઓના વિકાસ અને પ્રવાસીઓ માટે નવીન ૨૦૦ એ.સી.બસો સંચાલિત કરવામાં આવશે. એકાવન શક્તિપીઠો પૈકીના આદ્યશક્તિ માઁ અંબાના ધામ અંબાજીના વિકાસ માટે રૂ.૧૮૦ કરોડની વિશેષ જોગવાઈ કરું છું.

ધાર્મિક શહેરોના સર્વાંગી વિકાસના ઉદ્દેશથી દ્વારકા, સોમનાથ, બહુચરાજી, ગિરનાર, પાવાગઢ, સિદ્ધપુર, ડાકોર, પાટણ અને પાલિતાણા જેવા તીર્થસ્થાનોની માળખાગત સુવિધાઓમાં વધારો કરવામાં આવશે. જેનાથી આ શહેરોમાં પ્રવાસન ક્ષેત્રે રોકાણને પ્રોત્સાહન ઉપરાંત સ્થાનિક રોજગારને ઉત્તેજન મળશે.

# ગુજરાતના બજેટમાં બનાસકાંઠાને શું-શું મળ્યું?

ઈન્ટ્રીગ્રેટેડ ટુરિઝમ ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ હેઠળ મહત્વના પ્રવાસન સ્થળોને સાંકળતા ૧૫૦ જેટલા રસ્તાઓના વિકાસ અને પ્રવાસીઓ માટે નવીન ૨૦૦ એ.સી.બસો સંચાલિત કરવામાં આવશે. એકાવન શક્તિપીઠો પૈકીના આદ્યશક્તિ માઁ અંબાના ધામ અંબાજીના વિકાસ માટે ?૧૮૦ કરોડની વિશેષ જોગવાઈ કરી છે

વધુમાં રાજયમાં બે નવા એક્સપ્રેસ-વે વિકસાવવામાં આવશે. જેમાં બનાસકાંઠાને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા સાથે જોડતા ડીસાથી પીપાવાવ રસ્તાને ×નમોશક્તિ એક્સપ્રેસ-વે'' તરીકે વિકસાવવામાં આવશે.



ટ્રાયબલ વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ તથા સરકારી છાત્રાલયોમાં સોલાર વોટર હિટીંગ સિસ્ટમ બેસાડવા માટે આયોજન.

દેશભરના હાથશાળ અને હસ્તકલાના કારીગરોને કાયમી ધોરણે માર્કેટીંગ માટેનો મંચ પૂરો પાડવા વડોદરા અને ડીસા ખાતે અર્બન હાટ સ્થાપવાનું આયોજન.

રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હેઠળ કૃષિ સંશોધન અને શિક્ષણની પ્રવૃત્તિઓને સઘન બનાવવા જામનગર ખાતે નવીન કૃષિ કોલેજ તથા થરાદ ખાતે કૃષિ ઈજનેરી કોલેજની સ્થાપના કરવામાં આવશે. કૃષિ યુનિવર્સિટીઓની માળખાકીય વ્યવસ્થા, વહીવટ અને સંશોધનના ખાસ કાર્યક્રમો માટે કુલ ?૧૦૦૦ કરોડની જોગવાઈ.

આદિજાતિ વિસ્તારના ૫૩ તાલુકાઓમાં ખેડૂતોને કૃષિ યુનિવર્સિટીઓના સહયોગથી ખેતરની મુલાકાત લઈ પાકનું સ્વાસ્થ્ય જાળવવા અને ઉત્પાદકતા વધારવા ખેડૂત સુવિધા રથ માટે ૧૯ કરોડની જોગવાઈ.

પ્રવાસન ક્ષેત્રે 'ગુજરાત ટૂરિઝમ પોલિસી', 'હેરિટેજ ટૂરિઝમ પોલિસી' તેમજ 'ગુજરાત હોમસ્ટે પોલિસી' જેવી અનેક નવી પહેલને લીધે ગુજરાતે ઉત્તમ યજમાન તરીકે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

જિલ્લા સ્તરે પ્રવાસનને વેગ આપવા રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટીની સ્થાપના કરવામાં આવનાર છે.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હેઠળ વિવિધ ધાર્મિક કામોના વિકાસ માટે ૨૧૫ કરોડની જોગવાઈ.

ભારે ટ્રાફિક ધરાવતા હાઈસ્પીડ કોરીડોર જેવા કે અમદાવાદથી ડાકોર, સુરતથી સચિન-નવસારી, વડોદરાથી એકતાનગર, રાજકોટથી ભાવનગર, મહેસાણાથી પાલનપુર અને અંકલેશ્વરથી રાજપીપળા માટે ૨૭૮ કરોડની જોગવાઈ.હાઈકોર્ટના ઈ-કોર્ટ મિશન મોડ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની અદાલતોમાં તમામ સ્તરે કમ્પ્યુટરાઈઝેશન અને ડિઝિટાઈઝેશન માટે ?૨૮ કરોડની જોગવાઈ.

## પૂજ્ય માણેકલાલની જન્મજયંતી નિમિત્તે છેલ્લા ૧૪ વર્ષથી રક્તદાન શિબિરનું કરાયેલ આયોજન

# રક્તદાન શિબિરના આયોજન બદલ મુખ્યમંત્રીના વરદ હસ્તે એવોર્ડ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ દ્વારા રક્તદાતા અભિવાદન સમારોહ યોજાયો




(ગરવી તાકાત) કડી તા.૨૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ છેલ્લા ૧૦૨ વર્ષથી રક્તદાન ક્ષેત્રે સતત સેવારત સંસ્થા છે. ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ની અધ્યક્ષતા તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાતના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદના ચેરમેન શ્રી મુકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સેન્ચ્યુરિયન બ્લડ ડોનર તથા સ્ટાર બ્લડ ડોનેશન કેમ્પની આયોજક સંસ્થાઓનો અભિવાદન સમારોહ અમદાવાદ ખાતે યોજાઈ ગયો.

જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં પૂજ્ય માણેકલાલ સાહેબની જન્મજયંતી નિમિત્તે છેલ્લા ૧૪ વર્ષથી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં છેલ્લા ૧૪ વર્ષમાં કુલ ૧૩૪૬૯ જેટલી રક્ત યુનિટો એકત્રિત કરી માનવ કલ્યાણ અર્થે રેડક્રોસ સોસાયટી અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવતા. જેની નોંધ લઈ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈના વરદહસ્તે બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયને એવોર્ડ આપવામાં આવ્યો હતો.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદના ચેરમેનશ્રી મુકેશભાઈના વ્યકતવ્ય મુજબ અમદાવાદ રક્તદાનની રાજધાની છે. જેમાં ૧૩૫ જેટલા શતક રક્તદાતાઓ છે. ડબલ સેન્ચુરીયન પણ છે. ત્રીપલ સેન્ચુરીયન થવાની તૈયારીમાં છે. પાંચ મહિલા રકતદાતાઓ અમદાવાદના છે. દર બે મિનિટે એક અમદાવાદી રક્તદાન કરે છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પોતાની હળવી શૈલીમાં રક્તદાન શા માટે તથા તેનું મહત્વ શું છે ? તેમજ રેડક્રોસ સોસાયટીની અવિરત સેવાની ખૂબ પ્રસંશા કરી હતી.

એવોર્ડ પ્રાપ્તિ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી થી શૈલેશભાઈ પટેલ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરથી ભાવિક પંડ્યા ઉપસ્થિત રહી સંસ્થાવતી એવોર્ડ સ્વીકાર્યો હતો. એવોર્ડ પ્રાપ્તિથી સંસ્થાના ચેરમેન સાહેબશ્રી વલ્લભભાઈ પટેલ, સર્વે માનનીય મંત્રીશ્રીઓ, સર્વે ડાયરેકટરશ્રીઓ અને સર્વે પ્રિન્સીપાલશ્રી ઓએ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાની મંડળ ઓફીસ દ્વારા તમામ રકતદાતાઓનો રકતદાન બદલ આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો.

## હિંમતનગરથી અયોધ્યા સુધી ૧૩૦૦ કિમીની પદયાત્રા, ૧૦ વર્ષમાં ૫૫૦૦ કિમી પગપાળા ચાલ્યા

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારના ૭૪ વર્ષીય ભીખાભાઈ સુથારે અયોધ્યા સુધીની પદયાત્રા શરૂ કરી છે. તેમણે ગુરુવારે સવારે મહાકાલી માતાજી, ઝરણેશ્વર મહાદેવ અને રામજી મંદિરના દર્શન કર્યા બાદ યાત્રાનો પ્રારંભ કર્યો. સ્થાનિકોએ ફૂલહાર પહેરાવી જયશ્રીરામના નારા સાથે તેમને વિદાય આપી.

ભીખાભાઈ હાલ પણ સુથારી કામ કરે છે અને કોઈ બીમારી કે



દવાઓથી મુક્ત છે. છેલ્લા ૧૦ વર્ષમાં તેમણે વિવિધ ધાર્મિક સ્થળોએ ૫૫૦૦ કિલોમીટરની પદયાત્રા પૂર્ણ કરી છે. તેમણે હિંમતનગરથી ચોટીલાની આઠવાર, ચોટીલાથી દ્વારકાની બેવાર, ભાવનગર રાજપુરાની એકવાર અને આશાપુરા માતાજીની ત્રણવાર પદયાત્રા કરી છે.

હિંમતનગરથી અયોધ્યા સુધીનું અંતર ૧૩૦૦ કિલોમીટરથી વધુ છે. ભીખાભાઈ માત્ર એક ધજા, એક જોડી કપડાં અને ધાબળો સાથે લઈને નીકળ્યા છે. તેઓ રોજ ૨૦થી ૨૫ કિલોમીટર ચાલવાનું આયોજન ધરાવે છે અને અઢી મહિનામાં અયોધ્યા પહોંચવાની આશા રાખે છે. બ્રહ્માણીનગરના વિશાલ પાર્કમાં રહેતા ભીખાભાઈની આ અનોખી યાત્રાએ સમગ્ર વિસ્તારમાં ભક્તિભાવ જગાવ્યો છે.

## બોર્ડની પરીક્ષાને લઇ બનાસકાંઠામાં જિલ્લા કલેક્ટરનું જાહેરનામુ

# પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ઝેરોક્ષ દુકાનો બંધ, મોબાઈલ-ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ ઉપર પ્રતિબંધ

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૦

બનાસકાંઠા જિલ્લામાં આગામી બોર્ડની પરીક્ષાઓને લઈને જિલ્લા મેજિસ્ટ્રેટ મિહિર પટેલે મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડ્યું છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ૨૭ ફેબ્રુઆરીથી ૧૭ માર્ચ ૨૦૨૫ દરમિયાન યોજાશે. જાહેરનામા અનુસાર, પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરના વિસ્તારમાં બિનઅધિકૃત વ્યક્તિઓનો પ્રવેશ પ્રતિબંધિત રહેશે. પરીક્ષા સ્થળોની ૫૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ




ઝેરોક્ષની દુકાનો બંધ રાખવાની રહેશે.

વિદ્યાર્થીઓ અને અન્ય વ્યક્તિઓ માટે મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, વાયરલેસ સેટ સહિતના ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કોઈપણ વ્યક્તિ પરીક્ષા સંબંધી ચોરી કરવા કે કરાવવામાં મદદ કરી શકશે નહીં. આ નિયમોનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. સ્કવોડ અધિકારીઓ, બોર્ડ પ્રતિનિધી અને સરકારી પ્રતિનિધીઓને આ આદેશમાંથી મુક્તિ આપવામાં આવી છે. પોલીસ અધિક્ષકથી હેડ કોન્સ્ટેબલ સુધીના અધિકારીઓને નિયમભંગ કરનારા સામે ફરિયાદ નોંધવાની સત્તા આપવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### થરા શ્રી વિનય વિદ્યા મંદિર ખાતે નિવૃત્તિ વિદાય અને ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓનો દિક્ષાન્ત સમારોહ યોજાયો



(ગરવી તાકાત) થરા તા.૨૦

કાંકરેજ આંજણા કેળવણી મંડળ થરા સંચાલિત શ્રી વિનય વિદ્યા મંદિર થરાના વરિષ્ઠ શિક્ષક ઈશ્વરભાઈ બી. બોકાનો વય નિવૃત્તિ વિદાય સન્માન અને ધોરણ ૧૦ અને ૧૨(સામાન્ય વિજ્ઞાન)ના વિદ્યાર્થીઓનો દિક્ષાન્ત સમારોહ કાંકરેજ આંજણા કેળવણી મંડળ થરાના પ્રમુખ અણદાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો.

સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે કેળવણીકાર શિક્ષણવિદ ડૉ. હેમરાજભાઈ પટેલ ડૉ. ભરત ભાઈ પટેલ રહયા હતા. અતિથિ વિશેષ તરીકે કરશનભાઈ પટેલ, માનસુંગભાઈ પટેલ,ભેમા ભાઈ ચૌધરી,વિરભાણભાઈ ચૌધરી, યશપાલસિંહ ટી.વાઘેલા, અનુભા વાઘેલા,શંકરભાઈ પટેલ,રીયાબેન પટેલ, બી ડી પટેલ, એમ.વી.પટેલ એમ.ડી.પટેલ, નાથાભાઈ પટેલ, નરેશભાઈ પટેલ, ભગીરથભાઈ પટેલ ગોવિંદભાઈ ચૌધરી તથા

જુદી જુદી શાળાઓના આચાર્યો ની વિશેષ ઉપસ્થિતી રહી શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે શાળાના આચાર્ય હરેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન તથા ભરતભાઈ લીંબાચિયાએ કાર્યક્રમનુ સંચાલન કર્યુ હતું.

# વડોદરાના સાવલીમાં શાળાએ જતી સગીરા પર નરાધમે આચર્યું દુષ્કર્મ

વડોદરા,તા.૨૦

વડોદરાના સાવલી તાલુકામાં આવેલી એક શાળામાં જતી સગીરાની છેડતી કરી તેના પર દુષ્કર્મ ગુજાર્યા બાદ વીડિયો વાઈરલ કરી દેતા પોલીસ ફરિયાદ નોંધાય છે.

ભાદરવા પોલીસ મથકમાં સગીરાએ નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, 'હું શાળાએ જતી હતી ત્યારે છેલ્લા ૬ મહિનાથી સુરેશ અરવિંદભાઈ સોલંકી (રહે. તાડીયાપુરા, સાવલી, વડોદરા) અવાર-નવાર પીછો કરીને પરેશાન કરતો હતો. સુરેશ રોડની સાઈડમાં લઈ જઈને છેડછાડ કરતો હતો અને તેના ફોટા મોબાઈલમાં લઈ લેતો હતો. ગત ૧૦ ફેબ્રુઆરીના રોજ મને ધમકી આપી તેના ઘર નજીક આવેલા ખેતરમાં બોલાવી હતી. તે સમયે સુરેશ અને તેનો મિત્ર બાઈક પર આવ્યા હતા. મને ખેતરમાં લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતું. આ વખતે તેના મિત્રએ મારું મોઢું દબાવી રાખી તેનો સાથ આપ્યો હતો.

ત્યારબાદ બીજા દિવસે સુરેશે અગાઉના ફોટો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર વાઈરલ કરવાની ધમકી આપીને તેના ઘર નજીકના ખેતરમાં ફરી વખત બોલાવી હતી. જ્યાં સુરેશે મરજી વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું, અને તેના મિત્રએ મોઢું દબાવી રાખ્યું હતું. બાદમાં નરાધમે બળજબરી પૂર્વક આચરેલા કૃત્યના ફોટો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં મુકીને વાઈરલ કર્યા હતા. આ મામલે ભાદરવા પોલીસ મથકમાં સુરેશ અરવિંદભાઈ સોલંકી અને અજાણ્યા શખ્સ વિરૂદ્ધ પોક્સો તથા આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# અમદાવાદના પ્રેમ દરવાજા નજીકથી ૭.૧૪ લાખનો દારૂ ઝડપાયો, બુટલેગરની ધરપકડ



અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં જે રીતે રોજ ક્યાંકને ક્યાંક દારૂનો જથ્થો ઝડપાય છે જેને પગલે દારૂબંધી કાગળ પર જ હોવાનું દેખાય છે. દરમિયાન અમદાવાદમાં પણ ફરી એક વખત દારૂનો મોટો જથ્થો ઝડપાયો છે. અમદાવાદના પ્રેમ દરવાજા પાસેથી દારુના જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. એટલું જ નહી દારૂની હેરાફેરી કરવાનો બુટલેગરનો નવો કીમિયો પણ સામે આવ્યો છે.

લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટની આડમાં દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી, જેનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. દારૂની હેરાફેરી કરવાનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. અલગ અલગ બેટરીના બોક્સમાં ૧૮૦ જેટલી દારૂની બોટલ સાથે ક્રાઈમ બ્રાન્ચે કૂલ રૂપિયા ૭.૧૪ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. ટ્રાન્સપોર્ટના વાહનમાં દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી. દારૂની બોટલો દિલ્હીથી બેટરીના પાર્સલમાં અમદાવાદ લાવવામાં આવી રહી હતી.

જો કે આ અંગેની બાતમી ક્રાઈમ બ્રાન્ચને અગાઉથી જ મળતા ટીમે પ્રેમ દરવાજા પાસે ગુરુ લોજીસ્ટિક ટ્રાન્સપોર્ટમાંથી દારૂનો જથ્થો કબજે કર્યો છે.આ સાથે જ ક્રાઈમ બ્રાન્ચે રાજકોટથી દારુની ડિલવરી લેવા આવેલા બુટલેગરની પણ ધરપકડ કરી લીધી છે. દારુ લેવા આવેલા બુટલેગર રાજપાલસિંહ રાઠોડની સ્વીફ્ટ ગાડી સાથે ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.

આ સાથે જ દારૂ મગાવનારા રાજકોટના બુટલેગર યશ ઠાકરને પણ ક્રાઈમ બ્રાન્ચે વોન્ટેડ જાહેર કર્યો છે. ક્રાઈમ બ્રાન્ચે વોન્ટેડ આરોપીને ઝડપી લેવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

Volume : 10 Issue : 320 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002